ભવ્ય શૌર્યયાત્રાથી નગરમાં દેશભક્તિનો રંગ નિખર્યો

૧ કી મી લાંબી શૌર્યયાત્રાનુ શહેરના મુખ્યમાર્ગો પર ફુલોથી સ્વાગત : લાંબો ત્રિરંગો , બેન્ડની સુરાવલી અને ઘોડેસવારો આકર્ષણનુ કેન્દ્ર બન્યા : રાષ્ટ્ર ભાવના સિંચન સહીત શૌર્યયાત્રા દરમિયાન વિદ્યાર્થીઓએ બેટી બચાવો, વ્યસન મુકિત સહીતના સમાજ ઉપયોગી સંદેશો આપ્યો

ગાંધીનગર તા ૨૫

શહેરમાં સે-૨૩ સ્થિત કડી કેમ્પસ ખાતેથી આજે ભવ્ય શૌર્યયાત્રા પ્રસ્થાન થઇ હતી. ૫૫૧ ફુટ લાંબા ત્રિરંગાને હાથમાં લઇ ૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ શૌર્યયાત્રામાં જોડાયા હતા. બેન્ડ અને ઘોડેસવારો સાથે નિકળેલી શૌર્યયાત્રાનુ શહેરના મુખ્યમાર્ગો પર ઠેર ઠેર ભવ્ય સ્વાગત કર્યુ હતુ. બેટી બચાવો અને પઢાવો સહીતના પ્લેકાર્ડસ હાથમાં લઇને શૌર્યયાત્રામાં જોડાયેલા વિદ્યાર્થીઓએ સમાજ ઉપયોગી સંદેશો પાઠવ્યો હતો. નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થયેલી શૌર્યયાત્રા નગરજનોના આકર્ષણનુ કેન્દ્ર બની હતી. નગરમાં દેશભક્તિનો અનોખો માહોલ છવાયો હતો.

કડી સર્વ વિદ્યાલય મંડળ દ્વારા શહેરમાં ૭૦માં ગણતંત્ર દિનની ઉજવણી અન્વયે ભવ્ય શૌર્ય યાત્રાનુ આયોજન કરવામાં આવ્યુ હતુ . જેમાં ૫૫૧ ફુટ લાંબા ત્રિરંગા સાથે નિકળેલી શૌર્યયાત્રાને કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભભાઇ એમ પટેલ ,બી એસ એફના કમાન્ડર વી એસ શેખાવત , સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ ડો કનુભાઇ પટેલ, દાતા નારયણભાઇ ભગત, નગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહા, શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના હસ્તે લીલી ઝંડી આપી શોર્યયાત્રાને સે-૨૩ કડી કેમ્પસથી પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. ૧ કી મી લાંબી શૌર્યયાત્રાને મહાનુભાવોએ ફુલોથી વધાવી હતી. જયારે કડી કેમ્પસથી આગળ વધેલી યાત્રા ઘ-૬ થી ઘ-૫, ઘ-૪,ગ-૪ થઇને મહાત્મા મંદિર થઇને ખ-૪ અને ખ-૫ પાસે સંસ્થાના એલ ડી આર પી કેમ્પસ ખાતે પુર્ણ થઇ હતી. આ શોર્યયાત્રામાં ૩ હજાર જેટલા વિદ્યાર્થીઓ હાથમાં પ્લેકાર્ડસ લઇને જોડાયા હતા. દેશ ભક્તિના ગીતો , સ્વચ્છથા અભિયાન ,વ્યસન મુક્તિ, બેટી પઢાવો, બેટી બચાવો, પર્યાવરણ બચાવો, ટ્રાફિકના નિયમોનુ પાલન કરો, સોશિયલ મીડિયાનો સદઉપયોગ કરો જેવા પોસ્ટરો સાથે સમાજમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ પણ સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા કરાયો હતો. આ શોર્યયાત્રાનુ મુખ્યમાર્ગો પર ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યુ હતુ. જેમાં મંત્રી કૌશિક પટેલ, ગાંધીનગરના મેયર પ્રવિણ પટેલ, પુર્વ ધારાસભ્ય અશોક પટેલ ગુડાના પુર્વ ચેરમેન આશિષ દવે ,જીગાબાપુ, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, બ્રહ્માકુમારીઝના કૈલાસદીદી , સંસ્કૃતિ સંસ્થાના પ્રમુખ રમેશ પટેલ, મહામંત્રી મનોજ શુકલ, જયોતિ મહીલા મંડળના પ્રમુખ ચેતના બુચ, કોકીલાબેન નાયક , સાબીરાબેન દેસાઇ, ગેઝીયાના રાહુલ મહેતા, કોસમોસ ગૃપના સમીરભાઇ અખિલ ભારતીય સામાજિક સંસ્થાના શર્મિષ્ઠાબેન દવે, વર્કીંગ વુમન હોસ્ટેલની બહેનો સહીત ભાજપ કોંગ્રેસના સ્થાનિક નેતાઓ અને વિવિધ સમાજના અગ્રણીઓએ શૌરયાત્રાનુ ઠેર ઠેર સ્વાગત કર્યુ હતુ સંસ્થાના એન સી સી કેડેટ અને વોલ્યનટીયર્સની ટીમે યાત્રાને માર્ગદર્શન પુરુ પાડયુ હતુ.

યાત્રા દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા હાથમાં બેનર રાખી સમાજમાં જાગૃતિ ફેલાવે તેવા સૂત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો જેમાં 'નો ટોબેકો', 'મતદાન', 'બેટી બચાવો બેટી પઢાવો', 'ટ્રાફિક સમસ્યા' મુખ્ય હતા. અશ્વસવાર દેશ ભક્તોએ લોકોનું ધ્યાન કેન્દ્રીત કર્યુ હતુ.

શહીદોની શહાદતને સો સો સલામ : વલ્લભભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૫

આ તબક્કે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન સરદાર પટેલે જણાવ્યુ હતુ કે ૭૦માં ગણતંત્ર દિન પૂર્વે સંસ્થા દ્વારા ઐતિહાસિક

શૌર્યયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રભાવનાનુ સિંચન થાય તે માટે પ્રતિવર્ષ સંસ્થા દ્વારા જુદા જુદા કાર્યક્રમો કરવામાં આવે છે. પ્રવર્તમાન સંજોગોમાં વિદ્યાર્થીઓ ચલચિત્રો જોઈ પ્રેરાતા હોય છે પરંતુ રોજબરોજ આવી પ્રક્રિયામાં નથી જોડાતા તે ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓના માધ્યમથી સમાજમાં પણ રાષ્ટ્રીય ભાવનાનું વાતાવરણ ઉભુ થાય, રાષ્ટ્ર પ્રત્યેની નિષ્ઠા સમજી નાગરિકો દેશના ઘડતરમાં પોતાનો અમુલ્ય ફાળો આપી શકે તેવી ભાવનાથી આ શૌર્યયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. શહીદોની શહાદતને યાદ કરી આજે આ ભવ્ય શૌર્યયાત્રામાં શહેરીજનો પણ મોટી સંખ્યામાં જોડાયા હતા તેમના પ્રત્યે પણ તેમણે આભારની વ્યક્ત કરી હતી.

સેક્ટર-૨૪માં ઝાડા-ઉલ્ટીના વધુ ૧૬ કેસ

આરોગ્યતંત્રએ તાત્કાલિક પગલાં લેવા પાટનગર યોજના વિભાગને પત્ર લખ્યો

ગાંધીનગર,તા. ૨૫

સેક્ટર-૨૪માં આજે ઝાડા-ઉલ્ટીના વધુ ૧૬ કેસ મળી આવતાં હરકતમાં આવેલા આરોગ્યતંત્રએ પાટનગર યોજના વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરવા પત્ર લખ્યો છે.

ગઈકાલે ૨૨ ઝાડા-ઉલ્ટીના કેસો નોંધાયા હતા. આ કેસો દૂષિત પાણીને કારણે થયાનું આજે આરોગ્યતંત્રની ટીમે કરેલી તપાસમાં બહાર આવ્યુ છે. આરોગ્યતંત્રએ ગટરના પાણી ઉભરાઈ રહ્યાનું જોઈ તાત્કાલિક પાટનગર યોજનાને તે દુરસ્ત કરવા માટેની સૂચના પણ આપી હતી.

તંત્રની ટીમને લીકેજીસ શોધવામાં આજે ભારે તકલીફ જરૂર પડી હતી કારણ કે પાઈપો જુની થઈ ગઈ છે તેમજ તેની ઉપર બાંધકામ થયાનું પણ જણાઈ આવેલ છે. તંત્રએ આ માટે પાટનગર યોજના વિભાગને પણ જરૂરી પગલાં લેવા માટે એક વિસ્તૃત પત્ર લખી જાણ કરી હોવાનું જાણવા મળેલ છે. તંત્રની ટીમો દ્વારા આજે પણ સર્વેલન્સની કામગીરી કરવામાં આવી હતી જેમાં ઈન્દિરાનગરમાંથી ૯ અને શ્રીનગર વિસ્તારમાંથી ૭ નવા કેસ મળી આવ્યા હતા. તંત્ર દ્વારા પાણી ઉકાળીને પીવા સલાહ તેમજ ક્લોરીન ટેબ્લેટનું વિતરણ પણ કરવામાં આવ્યુ છે. તંત્રની ટીમો દ્વારા કેટલીક જગ્યાએથી પાણીના નમૂના મેળવી ચકાસણી માટે પણ મોકલ્યા છે. જોકે પાણીમાં ક્લોરીનેશન માટે પાટનગર યોજનાના સત્તાવાળાઓને જાણ કરવામાં આવી છે. દરમ્યાન કોંગી કાઉન્સીલર અંકિત બારોટે જણાવ્યુ છે કે જુની પુરાણી પાઈપલાઈનો બદલવા વારંવાર રજુઆતો સત્તાવાળાઓ સમક્ષ કરવામાં આવી છે પરંતુ સેક્ટર-૨૪ પ્રત્યે તંત્રએ હંમેશા ઉદાસીનતા દાખવી છે તે દુઃખદ છે.

પૂર્વ ધારાસભ્ય છબીલભાઈ પટેલ ભાજપમાંથી સસ્પેન્ડ

ભાનુશાળીની હત્યામાં સંડોવણી ખુલતાં કાર્યવાહી : જયંતિ ભાનુશાળી હત્યાના કેસમાં પકડાયેલા રોનક પટેલ તેમજ નીતિન પટેલને કોર્ટે સાત દિવસના રિમાન્ડ આપ્યા

અમદાવાદ,તા.૨૫

ગુજરાતભરમાં જબરદસ્ત ખળભળાટ મચાવનાર ભાજપના પૂર્વ ધારાસભ્ય અને મોટા ગજાના નેતા જયંતિ ભાનુશાળીની હત્યાના ચકચારી કેસમાં ગઈકાલે ધરપકડ કરાયેલા આરોપી નીતિન પટેલ અને રાહુલ પટેલને પોલીસે આજે સ્થાનિક કોર્ટમાં રજૂ કર્યા હતા, જ્યાં કોર્ટે બંને આરોપીઓને ૧ લી ફેબ્રુઆરી સુધીના સાત દિવસના પોલીસ રિમાન્ડ પર સોંપવા હુકમ કર્યો હતો. બીજીબાજુ, જયંતિ ભાનુશાળી હત્યા કેસમાં મનીષા ગોસ્વામીની સાથે પૂર્વ ધારાસભ્ય છબીલ પટેલનું નામ પણ મુખ્ય કાવતરાખોર અને સૂત્રધાર તરીકે ખૂલતાં ભાજપ દ્વારા આજે છબીલ પટેલને તાત્કાલિક અસરથી ભાજપના પ્રાથમિક સભ્યપદેથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા.

ભાનુશાળીની હત્યા કરનાર બંને શાર્પશૂટરના સીસીટીવી સામે આવ્યા છે, જેને પગલે ભારે ચકચાર મચી ગઈ છે. આ બંને શાર્પશૂટરના સીસીટીવી સામખિયાળી ચેકપોસ્ટ પાસેના છે, જેમાં બંને જણાં ચાલતા અને મોબાઈલ પર વાત કરતાં જઈ રહેલા નજરે પડી રહ્યા છે.

બેસણું

અમારા પૂજ્ય ભાઈશ્રી **અશોક મહેન્દ્રપ્રસાદ ભટ્ટ** તા. ૨૫/૧/૨૦૧૯ને શુક્રવારના રોજ દેવલોક પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૭/૧/૨૦૧૯ને રવિવારના રોજ સાંજે ૩ થી ૬ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : ઝુલેલાલ મંદિર, સેક્ટર-૩૦, ગાંધીનગર

જયશ્રી અશોક ભટ્ટ (પત્ની) — જયશ્રી નૈષધ જોષી (બહેન)
ચિંતન અશોક ભટ્ટ (પુત્ર) — નૈષધ પ્રમોદ જોષી (બનેવી)
જાગૃતિ ચિંતન ભટ્ટ (પુત્રવધુ) — ભરત મહેન્દ્રપ્રસાદ ભટ્ટ (ભાઈ)
મનન અશોક ભટ્ટ (પુત્ર) — મહેશ મહેન્દ્રપ્રસાદ ભટ્ટ (ભાઈ)

પિયર પક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
● જ્યોત્સના રજનીકાંત મહેતા ● પ્રફુલ્લ જગન્નાથ જોષી ● હર્ષદ જગન્નાથ જોષી

બેસણું

મારા પુત્ર **શિવ રાકેશકુમાર પટેલનું** તારીખ ૨૫/૧/૨૦૧૯ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૨૭/૧/૨૦૧૯ને રવિવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : એફ-૩૦૩, સંકલ રેસિડેન્સી, દિયા ગ્રીન પાર્ટી પ્લોટની બાજુમાં, ન્યુ વાવોલ, ગાંધીનગર

ગં.સ્વ. પટેલ સુમિત્રાબેન ગોવિંદભાઈ

પટેલ મુકેશભાઈ ગોવિંદભાઈ — પટેલ રાકેશભાઈ ગોવિંદભાઈ
પટેલ પન્નાબેન મુકેશભાઈ — (કોર્પોરેટરશ્રી)
પટેલ અર્વાબેન મુકેશભાઈ — પટેલ નિમિષાબેન રાકેશભાઈ
પટેલ માન રાકેશભાઈ

ઝુંપડા દુર કરવાના મામલે આગામી ૨૮ જાન્યુઆરીએ વધુ સુનાવણી

ગાંધીનગર તા ૨૫

શહેરના સે-૧૩ અને ૧૪ ના ઝુંપડાવાસીઓને પાટનગર યોજના વિભાગ દ્વારા દબાણો દુર કરવાના મામલે અપાયેલી નોટીસના અનુસંધાને ભારતના બંધારણના અનુચ્છેદ ૨૨૬,૧૪,૧૯ તથા ૨૧ ની જોગવાઈઓ અંતર્ગત હાઈકોર્ટમાં પડકારવામાં આવી છે. જયારે આજે આ કેસની પ્રાથમિક સુનાવણી હાથ ધરવામાં આવી હતી. સરકાર તરફે જવાબ રજુ કરવાનો હોવાથી કેસની સુનાવણી આગામી તા ૨૮ જાન્યુઆરી સુધી મુલત્વી રાખવામાં આવી છે. સોમવારે કોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરાય ત્યાં સુધી ઝુંપડાવાસીઓની હકાલપટ્ટીની કોઈ કાર્યવાહી નહીં કરવા પણ હાઈકોર્ટે આદેશ કર્યો છે. ક માર્ગ પર ૩૦ વર્ષથી ઝુંપડા ધરાવતા ૧૮૦ ઝુંપડાધારકોના પુન : વસવાટ માટે વર્ષ ૨૦૧૦માં રેગ્યુલેશન ઘડવામાં આવ્યો છે. સર્વેમાં પણ અરજદારોના નામોનો સમાવેશ થયો છે. સરકારના તા ૧૮ જુલાઈ વર્ષ ૨૦૧૩ ના રોજ કરવામા આવેલ ઠરાવની જોગવાઈ મુજબ મુખ્યમંત્રી આવાસ સમૃધ્ધિ યોજના અન્વયે તા ૧ ડિસેમ્બર વર્ષ ૨૦૧૦ પુર્વે વસવાટ કરતા ઝુંપડાધારકોને બે રૂમ રસોડાનુ આવાસ આપી તેઓને પુન : વસવાટ અંગેની નિતી જયારે પ્રવર્તમાન હોય ત્યારે ગાંધીનગરમાં સ્થપાયેલા ગુજરાત રાજયના આઠમાં મ્યુનિ કોર્પોરેશન દ્વારા આવી કોઈ કાર્યપધ્ધતિ અપનાવામાં આવી નથી. અરજદારોને વૈકલ્પિક જગ્યા ફાળવવામાં ન આવે ત્યાં સુધી તેઓને વાદગ્રસ્ત જગ્યામાંથી દુર કરવાની કે હકાલપટ્ટી કરવાનુ સરકારનુ કૃત્ય સરકારના વખતોવખતમાં ઠરાવોથી તેમજ આ જ કિસ્સામાં થયેલા અગાઉના રીટ પીટીશનમાં થયેલા હુકમોથી વિરુધ્ધનુ અને ગેરબંધારણીય છે.

સિનિયર એડવોકેટ જયંત પી.ભટ્ટ અને જીત ભટ્ટે કોર્ટનું ધ્યાન દોર્યું કે, અરજદારો ગરીબ અને પછાત વર્ગના લોકો છે અને રાઈટ ટુ લાઈફના મૂળભૂત અધિકારો અન્વયે શેલ્ટર મેળવવા હકદાર અને અધિકારી છે. આ સંજોગોમાં જયાં સુધી રાજય સરકાર અને ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અરજદાર અસરગ્રસ્તો માટે વૈકલ્પિક વ્યવસ્થા કે સગવડ ના કરી અપાય ત્યાં સુધી તેઓને વિવાદીત જગ્યાએથી સત્તાવાળાઓ દ્વારા હટાવાય નહી તેવી રાહત હાઈકોર્ટે આપવી જોઈએ. કેસની સુનાવણી દરમ્યાન સરકારપક્ષ તરફથી સોમવાર સુધી અરજદાર અસરગ્રસ્તોને અન્યત્ર હટાવાશે નહી કે કોઈ કાર્યવાહી નહી કરાય તેવી હાઈકોર્ટ સમક્ષ હૈયાધારણ અપાઈ હતી, જેને પગલે અસરગ્રસ્તોને રાહત મળી હતી.

વેસ્ટમાંથી બેસ્ટ બનાવી વિજ્ઞાનની આધુનિકતા સાથે જોડતો 'શિવ' પરમતત્વમાં ભળી ગયો...

તેજસ્વી અને આશાસ્પદ છાત્ર શિવ પટેલનું દુઃખદ અવસાન

ગાંધીનગર,તા. ૨૫

ગાંધીનગરનો આશાસ્પદ તેજસ્વી છાત્ર શિવ રાકેશભાઈ પટેલનું આજે દુઃખદ અવસાન થયુ છે.

શિવની તેજસ્વીતાના ચાહકો તેના મિત્રો જ નહિ પણ વાવોલની સંકલ રેસીડેન્સીના બાળકો અને જે.એમ. ચૌધરી વિદ્યાલયના વિદ્યાર્થીઓ પણ હતા.

નવમા ધોરણમાં અભ્યાસ કરતો શિવ એ મોબાઈલ- ી ઉતરી ગયેલી બેટરીને ચાર્જ કરી પંખા અને લાઈટો પણ ચાલુ કરતો હતો. શિવને જુની નકામી વસ્તુઓમાંથી બેસ્ટ બનાવતો અને તે મિત્રો તેમજ સગા-વ્હાલાઓને તેની મુલાકાતના સંભારણા તરીકે ભેટ આપતો. ગણિતના દાખલા ગણવામાં પણ તે જે ઝડપ દાખવતો તે તેના સહાધ્યાયીઓને સ્પર્શી જતી હતી.

ટી.વી. પર ફિલ્મો નહિ પણ નાટ્ય-પ્રયોગ જોવાનો તેને ભારે શોખ હતો. સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં પણ તે એટલો જ રચ્યો પચ્યો રહેતો હતો. ધાર્મિક ગ્રંથોનું વાંચન પણ તેને ગમતુ હતુ.

આ શિવ ધો. ૮માં અભ્યાસ કરતો હતો ત્યારે તે ગંભીર કેન્સરની બિમારીમાં પટકાયો હતો. તેને ઈવીંગ શાર્કોમાંનું કેન્સર હતુ જે રેર કેન્સરમાં ગણાય છે. દોઢ વર્ષ પહેલાં જ તેની આ ગંભીર બિમારીની જાણ થઈ હતી પરંતુ તે દવા માટે પણ એટલો જ નિયમિતતાનો આગ્રહી હતો.

ગુજરાત કેન્સર સોસાયટીના રિચર્સ યુનિટમાં પણ તેના મોજીલાપણાથી આગવી ઓળખ ઉભી કરી કેન્સરના બાળ દર્દીઓમાં તે પ્રિય બની ગયો હતો. જ્યારે જ્યારે તે સારવાર માટે જાય ત્યારે સૌના માટે સંભારણામાં કલર પેન્સીલ, રબર, ચિત્રકામના સાધનો લઈ વિતરણ કરતો.

મૃત્યુના બે દિવસ પૂર્વે જ તેણે પોતાનો જન્મદિવસ સે. ૧૬ સ્થિત અંધશાળાના બાળકો તેમજ બ્હેરા-મૂંગા બાળકો સાથે ભોજન લઈ ઉજવ્યો હતો. તે આ બાળકોને ભેટ આપવાનું પણ ચૂક્યો ન હતો એટલુ જ નહિ તે દિવસે કેન્સર સોસાયટીના બાળ દર્દીઓને મળી અને ગિફ્ટ વિતરણ કર્યુ હતુ.

શિવ એ વોર્ડ નં. ૭ના યુવા કાઉન્સીલર રાકેશભાઈ પટેલનો જયેષ્ઠ દિકરો હતો. તેની પાછળ તેના નાનાભાઈ માન ને તે વિલાપ કરતો મુકી ગયો છે. જોકે બે ભાઈઓની બાંધવ બેલડી આજે વિખુટી પડી છે અને તે નંદવાયેલી જોડને જોઈ સૌ કોઈની આંખનો ખૂણો ભિંજાઈ જાય છે.

શિવ સતત નવુ કરવાનો શોખ ધરાવતો હતો. વિજ્ઞાન-ગણિતનો તે તેજસ્વી વિદ્યાર્થી હતો.

પ્રથમ માસિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. યોગિતા દિનેશભાઈ પરમાર
સ્વ. તા. ૨૬/૧૨/૨૦૧૯

કાળજાના કટકા જેવી વ્હાલસોયી દિકરી,
કુદરતની અણધારી આવી પડેલ
કારમી થાપટે, તારા પ્રાણ હરી લીધા,
તારી વસમી વિદાય થકી અમોને આંતરિક સુધી, ચેન નથી...
તારા દિવ્ય આત્માને પરમાત્મા શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.
દિનેશભાઈ શિવરામભાઈ પરમાર
મધુબેન દિનેશભાઈ પરમાર
તથા
સમસ્ત પરમાર પરિવાર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT® BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com